# શ્રી હવેલી પરગણાના રોહિદાસવંશી જ્ઞાતિ પંચનું બંધારણ ધારાધોરણ તથા ઠરાવો

સંવત ૨૦૬૯ ના ચૈત્ર સુદ ૧૧ ને સોમવાર, તા.૨૨-૪-૨૦૧૩ ના રોજ ઈન્દ્રોડા, તા.જિ. ગાંધીનગર મુકામે શ્રી હવેલી પરગણાના રોહિદાસ વંશી સમાજનું જ્ઞાતિપંચ મળેલું જેમાં નીચે મુજબ ઠરાવો કરવામાં આવેલ છે.

**ઠરાવ નં. ૧ : સગપણ બાબત**

અરસ પરસ સમજપૂર્વક, દીકરા-દીકરીના સગપણ બાબતે કન્યાપક્ષ-વરપક્ષને ત્યાં સગપણ કરવા જાય ત્યારે ૧૬ માણસોથી વધારે જઈ શકાશે નહિ. દીકરા પક્ષવાળાએ દીકરી પક્ષને ઓઢણીના રૂપિયા ૨૫/- આપવા. (રીંગ સેરીમની તેમજ દાગીનાની આપ-લે કરવી નહીં અને કરશે તો રૂા.૨૫૧/- દંડ ને પાત્ર થશે.)

કન્યાપક્ષે-વરપક્ષને રૂા.૧/- (અંકે રૂપિયો એક) આપેથી સગાઈ થયેલી ગણાશે. જમણ અનુકૂળતા મુજબ બનાવવું.

**ઠરાવ નં. ૨ : સગપણના જમણવાર બાબત**

ઉપરોક્ત બાબતે સગાઈ વખતે બન્ને પક્ષે પોત પોતાની અનુકૂળતા મુજબ એક મિષ્ટાન સાથેનું જમણ આપી શકાશે અને સગાઈ તથા જાનમાં સવારે જઈ સાંજે પાછા આવવાનું રહેશે.

**ઠરાવ નં. ૩ : મુહૂર્ત જોવડાવવા બાબત**

સગપણ થયા પછી વરપક્ષ તરફથી અને કન્યાપક્ષ તરફથી વેવાઈઓએ મળી અરસ-પરસ સમજી લગ્નનો દિવસ નક્કી કરવો.

**ઠરાવ નં. ૪ : સગપણ તોડવા બાબત**

દીકરા દીકરીનું સગપણ થયા બાદ સગપણ તોડી શકાશે નહીં.

આ સિવાય સગાઈ થયા પછી જો સગપણ તોડવામાં આવશે તો તે જ્ઞાતિપંચના ગુનેગાર ગણાશે. આવા ગુના કર્યા બદલ રૂા.૧૦૦૧/- જ્ઞાતિપંચને દંડ આપવો પડશે. તેની જવાબદારી જે તે ગામના ગામ આગેવાનોની રહેશે.

## ઠરાવ નં. ૫ : જાન બાબત

લગ્નની તારીખ નક્કી કર્યા મુજબ સવારે જાન લઈ જવાની રહેશે અને સાંજે પરત આવવાનું રહેશે.

આવો સમય નક્કી કરવામાં આવે ત્યારે ચાંલ્લાનો રૂપિયો લઈ જવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

## ઠરાવ નં. ૬ : જાનૈયાની વિગત

જાનમાં જાનૈયાઓની સંખ્યા ૧૦૦ નક્કી કરવામાં આવે છે. એથી વધારે લઈ જવામાં આવશે નહીં. તેમાં વર તથા બ્રાહ્મણનો સમાવેશ થતો નથી. જાનૈયાઓની સંખ્યા નાના-મોટા સાથે ગણવામાં આવશે. જાનડીઓ માટે અનુકૂળતા મુજબ વર્તવુ.

## ઠરાવ નં. ૭ : તોરણ બાબત

ફક્ત લગ્નના માંડવાનું તોરણ ચાલુ રાખવામાં આવે છે. પરંતુ વર પરણીને ઘેર પરત આવે ત્યારે વરવધુને ઝાંપાના તોરણેથી સ્વાગત કરીને વિધિપૂર્વક લાવી શકાશે.

## ઠરાવ નં. ૮ : લગ્નની દાપાની વિગત આણા સાથે.

હાલમી પરિસ્થિતીમાં સરકારી કાયદો અને કાનૂની પુખ્ય ઉમરની વય મર્યાદા નક્કી કરેલી હોવાથી લગ્ન અને આણા સંબંધી તમામ પ્રકારની ચર્ચા વિચારણાને અંતે લગ્ન અને આણાનું સંયુક્ત દાપુ રૂા.૪૫૧૬/- (અંકે રૂપિયા ચાર હજાર પાંચસો સોળ) વર પક્ષે કન્યાપક્ષને ભાણા ઉપર આપવાના રહેશે જેની વિગત નીચે મુજબ છે.

**ભોમસદ :** ગામોટના બ્રાહ્મણને લગ્ન પ્રસંગે ભોમસદના રૂા.૧૦૦/- આપવાના રહેશે. બન્ને પક્ષે રૂા.૫૦-૫૦/- આપવાના રહેશે. (દાપામાંથી)

**વળતર :** તાંબાનું બેડુ, બાજઠ અને અમરદીવો કન્યાપક્ષે વરપક્ષને આપવાનો રહેશે. તદઉપરાંત વેવાઈને પાઘડીના રૂા.૨૫/- આપવાના રહેશે. વસ્તી પંચ અને ધર્માદુ રૂા.૧૧૬/- આપવાના રહેશે. કન્યા વિદાય વખતે આણાની પેટી સાથે આપી દેવી.

## ઠરાવ નં. ૯ : મેરામણી બાબત

બન્ને પક્ષે રૂા.૧૦૦-૧૦૦/- મેરામણીના આપવાના રહેશે.

**ઠરાવ નં. ૧૦ : લગ્નનો જમણવાર**

એક મિષ્ઠાન સાથે એક વખતનું ભોજન જે તે વ્યક્તિની અનુકૂળતા મુજબ આપવાનું રહેશે. તે સિવાય બીજી વાનગી અને અન્ય જે જમાડવું હોય તે જમાડી શકાશે.

**ઠરાવ નં. ૧૧ : લગ્નના મામેરા સંબંધી વિગત**

ભાણેજીયાના દરેક લગ્ન પ્રસંગે તેના બેન-ભાણેજીયાને શક્તિ મુજબ જે મામેરૂ આપવાનું હોય તે આપી શકાશે.

**ઠરાવ નં. ૧૨ : ફરગતની વિગત**

- પ્રથમ મામેરા વખતે વસ્તી કેળવણી ફંડ અને ધર્માદુ વગેરે મળીને ઉચ્ચક રૂા.૧૦૦/- આપવાના રહેશે.
- મોસાળપક્ષે દાપુ ભરવાનું હોય તો જે તે પરગણાની કન્યા હોય ત્યાનું દાપુ ભરવાનું રહેશે.
- ભાણેજ જમાઈને રૂા.૨૫/- (અંકે રૂપિયા પચ્ચીસ પુરા) વીંટીના કરીને મોસાળ પક્ષે ફરજીયાત આપવાના રહેશે.

**લગ્નના મામેરાની ધોતી :** પ્રથમ મામેરામાં રૂા.૨૫૧/- આપવાના રહેશે. બીજા મામેરામાં અનુકૂળતા મુજબ પહેરામણી કરવી.

**ઠરાવ નં. ૧૩ : જાન વળાવવી**

લગ્નવિધી પુરી થયા પછી કન્યાને તેના સાસરે મોકલતા ઝાંપે પુરુષો તથા સ્ત્રીઓ મળીને અરસ-પરસ મુલાકાત કરી વળાવવા જાય તે વખતે રૂા.૧૦૦/- પુરૂષો અને સ્ત્રીઓને વરપક્ષે આપવાના રહેશે.

**ઠરાવ નં. ૧૪ : અણવરની ધોતી**

લગ્નવિધી પછી કન્યાને તેના સાસરે મોકલતા તેની સાથે અણવર તરીકે આવનારને રૂા.૧૦૦/- ધોતીના આપવાના રહેશે.

**ઠરાવ નં. ૧૫ : લગ્નના ગુન્હા બાબત**

ઠરાવ નં.૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩,૧૪ નો ભંગ કરનારને દરેક કલમે

રૂા.૨૫૧/- દંડ આપવાનો રહેશે. ઠરાવ નં.૯ દાપાના ભંગ બદલ રૂા.૫૦૦૧/- દંડ આપવાનો રહેશે.

**ઠરાવ નં. ૧૬ : ચાંલ્લાની કન્યા બાબત**

ચાંલ્લાની કન્યા આપવા-લેવાની છુટ આપવામાં આવે છે. પરંતુ તેમાં દાપા વાળી કન્યાના ધર્માદા વસ્તી પંચ કેળવણી ફંડ વગેરે સમગ્ર વ્યવહાર દીકરીના બાપે કરવાનો રહેશે.

**ઠરાવ નં. ૧૭ : સીમંતના મામેરાની બાબત**

દીકરીનો બાપ તેના દીકરીના ઘરે પોતાની યથાશક્તિ મુજબ થતી ફરગત (પાખોર) સાથે મામેરૂ લઈને જશે.

ફરગત : વસ્તીના - ધર્માદા, ખાંડ-નાળિયેર વિગેરેના રૂા.૧૦૦/- આપવા.
ગુરૂમંદિરના રૂા.૫૦/- આપવા.

મામેરાની ધોતી : સીમંતના મામેરાની ધોતી (વળતર) આપવી-લેવી સદંતર બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૧૮ : ભાણું આપવા-લેવા બાબત**

કોઈપણ શુભ પ્રસંગે નીકળતું ભાણું પંચમાં (પોતાના ગામની વસ્તી પંચમાં) રાખવામાં આવશે.

**ઠરાવ નં. ૧૯ : કન્યા લેવા દેવાની બાબત**

તમામ પરગણામાં કન્યા લેવા-દેવાની છુટ આપવામાં આવે છે. પરંતુ ''કન્યા ત્યાંનું દહેજ'' પ્રમાણે વ્યવહાર થશે.

**ઠરાવ નં. ૨૦ : પુનઃ લગ્ન બાબત**

નછોરવી (નિઃસંતાન)કન્યાને હાંસડી (મંગળસૂત્ર) ચડાવવા બાબત.

પાંચ માણસો જશે અને રિવાજ મુજબ કન્યાને ચાંદી અથવા સોનાનું મંગળસૂત્ર પહેરાવવાથી સબંધ નક્કી થયો ગણાશે.

**વળતર :** રૂા.૨૫/- પહેરામણી વ્યક્તિ દીઠ આપવાની રહેશે.
**કન્યા તેડવા જવા બાબત :** કન્યા તેડવા ૨૫ માણસોથી વધારે જઈ શકાશે નહીં.
**દાપુ :** રૂા. ૨૬૧૬/- (અંકે રૂપિયા બે હજાર છસો સોળ) આપવાના રહેશે.
**ફરગત :** વસ્તીના - ધર્માદા, ખાંડ-નાળિયેર વિગેરેના રૂા. ૧૦૦/- આપવા.
ગુરૂમંદિરના રૂા. ૫૦/- આપવા.
**જમણ :** એક વખતનું જમણ અનુકૂળતા મુજબ આપવું.
**વળતર :** દરેક વ્યક્તિને કન્યા પક્ષ તરફથી વરપક્ષને રૂા.૨૫/- પહેરામણીના આપવા.
**વરતિયુ આણું :** પાંચ માણસો તેડવા જશે.
દીકરીને ત્યાં જમીને રૂા. ૧૦૦/- આપવા.
**ભાગોળ બાબત :** સ્ત્રી-પુરૂષોના મળીને રૂા. ૧૦૦/- આપવાના રહેશે.

## ઠરાવ નં. ૨૦ (અ) : પુનઃ લગ્ન બાબત

નછોરવી પુનઃ લગ્નવાળી કન્યા ફરીથી લગ્ન મુજબ ચોરીના ફેરા ફરી શકશે. બધાજ નિયમો લગ્ન મુજબના રહેશે.

## ઠરાવ નં. ૨૧ : પુનઃ લગ્ન બાબત

<u>સંતાનવાળી કન્યા</u>

**હાંસડી ચડાવવા બાબત (મંગળસૂત્ર) :** પાંચ માણસો જઈ શકશે.
**વળતર :** રૂા. ૨૫/- કન્યા પક્ષે વરપક્ષને પહેરામણીમાં આપવા.
**દાપાની વિગત :** રૂા.૧૬૧૬/- (અંકે રૂપિયા એક હજાર છસો સોળ) આપવાના રહેશે.
**તેડવા જનારની સંખ્યા :** ૨૫ થી વધારે જઈ શકશે નહીં.
**જમણવાર :** કન્યાપક્ષે અનુકૂળતા મુજબ એક જમણ આપવાનું રહેશે.
**પહેરામણી :** રૂા.૨૫/- દરેક વ્યક્તિને પહેરામણીના આપવાના રહેશે.
**ફરગત :** વસ્તીના - ધર્માદા, ખાંડ-નાળિયેર વિગેરેના રૂા.૧૦૦/- આપવા.
ગુરૂમંદિરના રૂા.૫૦/- આપવા.
**વરતિયાનું આણું :** દીકરીના ઘરે જમીને રૂા.૧૦૦/- આપવાના રહેશે.

**ઠરાવ નં. ૨૨ : છુટા છેડા બાબત** (દાપાવાળી કન્યા-કન્યાપક્ષના કસુરથી)

છોકરીના કસુરથી કન્યા પક્ષ છુટા છેડા લેવા માંગે તો રૂા. ૧૧,૦૦૦/- કન્યાપક્ષે વર પક્ષને આપવાના રહેશે. તેમાંથી જ્ઞાતિ પંચને રૂા. ૫૦૧/- આપવાના રહેશે તેમજ રજીસ્ટ્રેશન ખર્ચ નિયમ મુજબ કન્યાપક્ષને આપવાનો રહેશે.

જો છોકરાવાળી કન્યા હશે તો તેને મામેરામાં આપેલા દાગીના વરપક્ષ પાસે જ રહેશે. કન્યાપક્ષને મળી શકશે નહીં.

**ઠરાવ નં. ૨૩ : છુટા છેડા બાબત** (દાપાવાળી કન્યા વરપક્ષના કસુરથી)

છોકરાના કસુરથી કન્યાને છુટી કરવાની ફરજ પડે તો વરના બાપે કન્યા પક્ષને રૂા: ૧૫૦૦૦/- આપવાના રહેશે. તે પૈકી રૂા. ૫૦૧/- જ્ઞાતિ પંચના ગુન્હા બદલ પંચે લેવાના રહેશે. અને સ્ટેમ્પ પેપરનો ખર્ચ નિયમ મુજબ છોકરાના બાપે ભોગવાનો રહેશે.

તદ્ઉપરાંત મામેરૂ આપેલુ હશે તો વરપક્ષે કન્યાપક્ષને મામેરામાં આપેલા તમામ દાગીના કપડા સહિત ટંક પાછા આપવાનું રહેશે.

**ઠરાવ નં. ૨૪ : વેવાણ વટ સદંતર બંધ કરેલ છે.**

**ઠરાવ નં. ૨૫ : બાળકને રમાડવા જવા બાબત**

દીકરીને સીમંત પ્રસંગ બાદ જ્ઞાતિના રીવાજ મુજબ પિયર પક્ષે તેડી જાય અને પ્રસુતી થયા બાદ સાસરી પક્ષની સ્ત્રીઓ બાળકને રમાડવા આવે ત્યારે કન્યાપક્ષ તરફથી યથાશક્તિ મુજબ પહેરામણી કરવાની રહેશે.

**ઠરાવ નં. ૨૬ : માદક પીણા અંગે**

માંગલીક પ્રસંગોએ માદક પીણાનું સેવન સદંતર બંધ કરવામાં આવે છે. તેમજ બીડી-સીગરેટની આપ-લે સદંતર બંધ કરવામાં આવે છે. તેનો ભંગ કરનારને રૂા. ૧૦૧/- દંડ કરવામાં આવશે.

**ઠરાવ નં. ૨૭ : કંકુ કન્યાના છુટા છેડા બાબત** (કન્યા પક્ષે ગુન્હો) :

ઉપરની વિગતે કન્યાપક્ષનો કસુર હશે તો કન્યાનો બાપ જ્ઞાતિપંચને રૂા. ૨૫૦૦/- દંડ આપશે. તેના દાગીના વરપક્ષ તરફથી પાછા મળશે નહીં. ધર્માદા, લખામણી દંડમાંથી

કાપવાના રહેશે.

**ઠરાવ નં. ૨૮ : કંકુ કન્યા છુટા છેડા બાબત (વર પક્ષે ગુન્હો)**

ઉપરોક્ત કલમો મુજબ જો છોકરાના કસુરે હશે તો વરનો બાપ રૂા. ૨૫૦૦૧/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર એક પુરા) જ્ઞાતિ પંચને દંડ આપે અને કન્યાપક્ષ તરફથી મળેલા દાગીના કન્યાપક્ષને આપે જેના ઉપર કન્યાનો હક્ક રહેશે. ધર્માદુ, સ્ટેમ્પ વિગેરે ખર્ચ વરપક્ષે આપવાનો રહેશે. આવી કન્યા પુનઃ લગ્ન કરવા ઈચ્છતી હશે તો તેને છુટ આપવામાં આવશે.

**ઠરાવ નં. ૨૯ : ગુન્હાઓની ચોખવટ બાબત**

આપણા પરગણાના જ્ઞાતિપંચના બંધારણીય ચોપડીના કલમ ભંગના ગુન્હા તેમજ જ્ઞાતિપંચના અન્ય ચોપડી બહારના તમામ સોળે સોળ ગામની આજદિન સુધીની ચોખવટ થઈ ગયેલ છે. એટલે આ અગાઉના ગુન્હા ગણવાના રહેતા નથી તેમ છતા કોઈપણ મુદ્દો ગુન્હા સબંધી ઉપસ્થિત કરવાનો આવશે તો તે રદબાતલ ગણાશે.

**ઠરાવ નં. ૩૦ : ગુન્હાઓની કલમોના ભંગ બાબત**

ઠરાવ નં. ૧૫ લગ્નથી માંડી ઠરાવ નં. ૨૯ સુધીના ઠરાવોના ભંગ બદલ જે જે દંડ રાખવામા આવેલ છે તે કસુર કરનારને ઠરાવ્યા મુજબ જ્ઞાતિપંચને જ્યારે અને જયાં માંગે ત્યાં આપવાનો રહેશે.

**ઠરાવ નં. ૩૧ : બંધારણ તોડવા બાબત**

બંધારણ બાબતે કોઈને કઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો કમિટી સમક્ષ રજુઆત કરી શકશે.

કમિટી સમક્ષ રજુઆત કર્યા છતા જો તેનો સંતોષ ન થાય તો જનરલ પંચને પોતાના ખર્ચે બોલાવી ન્યાય માંગી શકશે.

પણ બંધારણ તોડી તડ પાડી શકાશે નહીં અને પરગણાના નામે તડની જુદી ચોપડી છપાવી શકાશે નહીં અને જો કોઈ આવો જ્ઞાતિપંચનો ગુન્હો કરશે તેને રૂા. ૨૧૦૦૦/- અને ટેકેદારો કે મદદગારોને રૂા. ૫૦૦૧/- દંડ જ્ઞાતિપંચ કરશે.

## ઠરાવ નં. ૩૨ : અન્ય પરગણા સાથેના પ્રશ્નો બાબત

આપણા સમાજમાં છોકરા-છોકરી બાબતે સગપણ કે લગ્ન થયા પછી કોઈપણ આંતરિક પ્રશ્નો ઉપસ્થિત થાય તો આવા પ્રશ્નો જેતે પરગણા તથા આપણા પરગણાના પંચના આગેવાનો સાથે મસલત કરી નિકાલ કરવાનો આગ્રહ કરવામાં આવશે.

## ઠરાવ નં. ૩૩ : ઘરેલું ઝઘડા બાબત

કોઈપણ દીકરીને સાસરી પક્ષે કોઈપણ જાતના ઝઘડા-માનસિક ત્રાસ વિગેરે થતો હોય તો કાયદાકીય કાર્યવાહી કરતા પહેલા જ્ઞાતિ પંચની કમિટી સમક્ષ રજુઆત કરવી અને પરવાનગી આપે આગળ કાર્યવાહી કરવી.

## ઠરાવ નં. ૩૪ : પંચ પધરામણી આંતરીક બાબતે

પંચ પધરામણી કોઈપણ આંતરીક બાબતે પંચને બોલાવવાનું થાય તો રસ્તામાં મળવાની માંગણી સ્વીકારવામાં આવશે નહીં. જે તે ગામમમાં જ મળવાનું રહેશે.

## ઠરાવ નં. ૩૫ : પંચાતી નામે વરપત - પૂછ બાબત

પરગણામાં પંચાતી નામનું કારજ કરવું હશે તો પરગણા પૈકીના જે તે ગામે પંચાતી બાબતના કારજનો ઉમંગ ધરાવનારે નાતનાં આમંત્રણ અંગે પરવાનગી તથા સગાની પૂછ કરવાની રહેશે નહીં. તે પોતાની વસ્તીને પૂછીને નાતના કારજ અંગે પંચને આમંત્રણ આપી શકશે. પંચનું આમંત્રણ કાઢીને પંચ બોલાવવામાં આવશે. તે દિવસે રાત્રે જમણવારની વ્યવસ્થા ઘરધણીએ કરવાની રહેશે. બીજે દિવસે કારજ સબંધી પૂછ કરી નાત તેડાવવાનું મૂહૂર્ત નક્કી કરી કારજ કરવાનું ઠરાવી મિષ્ઠાન સાથે ભોજન આપી પંચ વિદાય લેશે. પૂછમાં એક રાતથી વધારે રહી શકાશે નહીં.

## ઠરાવ નં. ૩૬ : પંચાતી નામે વરપત બાબત

મૂહૂર્ત પ્રમાણે પંચ આવે તે જે તે ઘરધણીએ એક મિષ્ટાન સાથે દાળ-ભાતનું એક ખર્ચ આપવાનું રહેશે. ત્યારબાદ પંચ મેળો કરવામાં આવે ત્યારે જમણવારની રજા આપે પછી બપોર બાદ જમણવાર શરૂ થાય તે રાત્રે દસ વાગ્યા સુધી જમણવાર ચાલે.

રાતના જમણમાં એક મિષ્ટાન સાથે આપવાનું રહેશે. કોઈપણ વ્યક્તિ જમવામાં

બાકી છે કે કેમ ? તે નક્કી કરી ધર્મસાદ પાડે ત્યારે ધર્માદુ થાય તે વખતે ઘીના બદલે નીચેના વહીવટ કરવાના રહેશે.

૧) રૂા. ૨૦૦/- ગુરૂમંદિરમાં ઘીની વટલોઈ તરીકે
રૂા. ૧૦૦/- ગુરૂમંદિરમાં ચાદરના

૨) રૂા. ૧૦૦/- અડાલજ મંદિરમાં ઘીના
રૂા. ૫૦/- ગુરૂમંદિર અડાલજ મઢી ચાદરના

૩) રૂા. ૫૦/- શેરથા મંદિર ઘીના
રૂા. ૨૫/- ગુરૂમંદિરમાં ચાદરના

૪) રૂા. ૨૦/- પ્રમાણે આવેલ દરેક બ્રાહ્મણને કળશીના આપવા

૫) રૂા. ૨૦૦/- ઘીના ગામોટને આપવા
રૂા. ૨૫/- કળશી વખતે ઘીના આપવા

૬) રૂા. ૧૦૦/- ગઢવીને પવાલાના ઘીના આપવા
રૂા. ૫૦/- બે ઘોડાના આપવા

૭) રૂા. ૨૫/- બડવાને ઘોડાના આપવા

૮) રૂા. ૨૫/- નાત માંગણને આપવા

૯) રૂા. ૫૧/- ગોરને આપવા

૧૦) રૂા. ૨૫/- પચ્ચીસ લેખે દરેક ગોરાણીઓને આપવા

૧૧) રૂા. ૧૦૦/- છાત્રાલયમાં આપવા

૧૨) રૂા. ૧૦૦૦/- પંચને આપવા

૧૩) રૂા. ૩૦૦/- વસ્તીને આપવા

૧૪) રૂા. ૩૦૦/- ગામોટ બ્રાહ્મણને આપવા
ઉપરની વિગત પતાવી મામેરા લેવાં.

## ઠરાવ નં. ૩૭ : પંચાતી નામે વરપત

**મામેરૂ યથાશક્તિ મુજબ આપવું.**

ઉપરના કામો પતાવી જમણમાં ખીચડી-ઘી તથા શાક જમ્યા પછી પંચ ઝાંપે નીકળશે અને રામ રામ કરી વિદાય લેશે.

આ રીતે પંચાતી નામે વરપતનાં અઢી ખર્ચ જ્ઞાતિપંચને જમણમાં આપવાના રહેશે. અને પંચાતી નામે વરપતંની પૂર્ણાહૂતિ થશે.

**કોમળતા, મધુરતા અને વિવેક સુખી થવાના સિદ્ધ ઉપાયો છે.**

**ઠરાવ નં. ૩૮ :** **કાંણની પ્રથા બાબત**

જે ગામમાં કોઈપણ સખ્શના મરણ પાછળ ધાર્મિક રીતે જેને કાણ સાચવવાનો ઉમંગ હોય તે મરણ પછી જે તે ગામને બાર દિવસની અંદર જે દિવસ અનુકૂળ આવે તે દિવસ જે તે ગામે નક્કી કરી સોળ ગામ અને સગાવહાલાઓને પત્ર લખી (ફોનથી) જાણ કરવાની રહેશે. (કારજ તેમજ લૌકિક ક્રિયા) તેમજ સાત વારમાં કોઈપણ દિવસે રાખી શકશે. કાંણ સાચવતા ના હોય તેવા મરણ માં પણ ફક્ત એક દિવસ નક્કી કરવો.
જમણવાર : લાડુ અને દાળ-ભાત બનાવવામાં આવશે. અને વંસ્તી પંચે ઠરાવેલ દિવસ બાદ આ ખાણું આપી શકાશે નહીં. મરણ પ્રસંગે શોકના રૂા.૨૫/- આપવા. જમણવાર બુફેથી કરાવી શકાશે. બેસણામાં બીડી-તમાકુ આપવાની બંધ રહેશે.

**ઠરાવ નં. ૩૯ :** **લૌકિક ક્રિયા બાબત**

મરણ પ્રસંગે મૃત્યુના દિવસે સ્મશાને જઈએ ત્યારે રૂમાલ(ખેસ) સાથે લઈ જવો પરંતુ ત્યારબાદ બેસણું તેમજ લૌકિક ક્રિયા વખતે રૂમાલ (ખેસ) લઈ જવો નહીં તેમજ પાણીનો કોગળો આપવાની પ્રથા બંધ રહેશે.

**ઠરાવ નં. ૪૦ :** **ચર્મ ઉદ્યોગ ગરાસ બાબત**

રોહિતભાઈઓએ એક ગામના ચર્મ ઉદ્યોગને લગતા ગરાસમાંથી એક બીજાના ગામમાં વગર પરવાનગીએ જઈ ચર્મઉદ્યોગના એક બીજાના હકકને બગાડવો અને નુકશાન કરવું કે લાવવું લઈ જવું નહીં. આ ઠરાવનો ભંગ કરનાર જ્ઞાતિપંચનો ગુન્હેગાર ગણાશે અને તેનો રૂા. ૫૦૦૦/- દંડ લેવામાં આવશે તેમાંથી ૫૦ ટકા જ્ઞાતિપંચને આપવા તેમજ એક જ ગામનો ગરાસ કોઈપણ વ્યક્તિ બગાડે તો આ નિયમ લાગશે.

**ઠરાવ નં. ૪૧ :** **પંચના આમંત્રણ બાબત**

કોઈપણ પ્રકારના આમંત્રણ માટે બ્રાહ્મણને મોકલવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૪૨ :** **કૌટુંબિક મજીઆરી મિલકતના હિસ્સા બાબત**

લગ્ન થયા પછી જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો હોય અને સ્ત્રી વિધવા થઈ હોય અને

તેને બાળક ન હોય તો તે સ્ત્રી પોતાની સાસરીમાં એટલે કે પતિના ઘરે ઈચ્છા હોય ત્યાં સુધી સંયુક્ત કુટુંબમાં રહી શકશે અને પતિની મજીયારી મિલકતમાં હિસ્સેદાર ગણાશે પણ જો તે પોતાના પિયર એટલે કે માતા-પિતાના ઘરે રહેશે તો પતિની મજીયારી કે કોઈપણ મિલકત પિયરમાં લઈ જઈ શકશે નહીં.

## ઠરાવ નં. ૪૩ : સમુહલગ્ન આયોજન બાબત

વર્ષમાં એક વખત સમુહ લગ્નનું આયોજન આપણા પરગણાનું ટ્રસ્ટ ''રોહિત સમાજ સેવા વિકાસ પરિષદ (હવેલી) ગુજરાત'' એ કરવાનું રહેશે. જેમાં હવેલી પરગણાના પંચે સહકાર આપવાનો રહેશે.

## ઠરાવ નં. ૪૪ : સમિતિ રચના બાબત

૧) **બંધારણ સમિતી :** બંધારણનો મુસદ્દો તૈયાર કરી પરગણા સમક્ષ મુકવો.

૨) **બંધારણ અમલીકરણ સમિતી :** પંચે નક્કી કરેલ બંધારણ મુજબ અમલીકરણ થાય છે કે નહીં તેનો પ્રત્યક્ષ દેખરેખ રાખવી અને બંધારણ નક્કી કર્યા મુજબ દંડ વસુલ કરવો.

૩) **ગામ આગેવાની સમિતી :** ગામ આગેવાનોએ ગામના પ્રશ્નો પંચ સમક્ષ રજુ કરવા.

૪) **સામાજીક પ્રશ્નો ઉકેલ ન્યાય સમિતી :** કોઈપણ પ્રકારના સામાજીક પ્રશ્નો ઉપસ્થિત થાય તો લેખિતમાં આપવા જેનું નિરાકરણ આ સમિતી કરશે.

૫) **બેંક ખાતા સમિતી :** પાંચ માણસોની સમિતી રચી નેશનલાઈઝ બેંકમાં ખાંતુ ખોલી તેમના નામે બેંકમાં નાણા મુકવા. જે નાણા રૂા. ૨૫૦૦૦/- સુધી થાય એટલે ફીક્સ ડીપોઝીટ કરવાની રહેશે. સમાજની પરવાનગી સિવાય અન્ય કોઈ હેતુ માટે નાણાનો ઉપાડ કરી શકશે નહી.

૬) **સમિતીની મીટીંગ બાબત :** ઉપરોક્ત તમામ સમિતીઓ દર ત્રણ માસે ફરજીયાત એક વખત મીટીંગ બોલાવવાની રહેશે.
ઉપરોક્ત તમામ સમિતીઓની ફરજીયાત વર્ષે એક વખત જનરલ મીટીંગ ફરજીયાત બોલાવવાની રહેશે. મીટીંગ ગામના ક્રમ પ્રમાણે બોલાવવાની રહેશે.

૭) બંધારણ કમીટિએ મીટીંગ બોલાવવાની રહેશે.

૮) મીટીંગમાં કોરમ ન થાય તો અડધા કલાક બાદ જે તે હાજર સંખ્યાને કોરમ ગણી મીટીંગની કાર્યવાહી કરી શકાશે.

**જેઓ ધૈર્યશીલ છે તેઓ પોતાના ધારેલાં કાર્યો કરી શકે છે.**